સ્વપ્ના જોવા હોય તો ઊંઘો,
પણ તેને સાર્થક કરવા હોય
તો જાગો અને મંડી પડો
- કાન્તિ ભટ્ટ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૬ | ૨૮ માર્ચ, ૨૦૧૪, શુક્રવાર; ફાગણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● સ્મૃતિ ઈરાની રાહુલ સામે મેદાનમાં**

ચૂંટણીજંગમાં દિગ્ગજોની



ટક્કર ખુબ રસપ્રદ બની રહેશે. વારાણસીમાં મોદી સામે કેજરીવાલનો જંગ છે તો વડાપ્રધાનપદના દાવેદાર ગણાતા કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સામે અમેઠીમાં મજબુત ઉમેદવાર શોધવાની કવાયત ભાજપે હાથ ધરી છે. મળતી માહિતી મુજબ ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને અભિનેત્રી સ્મૃતિ ઈરાનીને રાહુલ ગાંધી સામે ચૂંટણી લડાવવા ભાજપ તૈયારી કરી રહ્યું છે.

**● ભાજપ સાથે ક્યારેય જોડાણ નહીં : નિતીશ**

બિહારના મુખ્ય પ્રધાન



નિતીશકુમારે ફરી એકવાર ભાજપના પીએમ પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યુ છે. એનડીએ સાથે ૧૭ વર્ષ જુનુ ગઠબંધન તોડી નાંખનાર નિતીશનું કહેવુ છે કે તેઓ કોઈ પણ કાળે હવે એનડીએ સાથે ફરી જોડાણ નહી કરે. તેમણે મિડીયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે ધૂળ ભેગો થઈ જઈશ પરંતુ સાંપ્રદાયિત તાકાતો સાથે જોડાણ નહી કરુ.

**● ઘર-કાર લોન સસ્તી થશે**

મધ્યમ વર્ગીય પરિવારો માટે



રિઝર્વ બેંક ખુશખબર આપી શકે છે. છેલ્લા કેટલાક સમયથી મોંઘવારી-ફુગાવામાં થયેલા ઘટાડાને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક ૧લી એપ્રિલના તેની નાણાંકીય સમીક્ષામાં વ્યાજ દરમાં ઘટાડો કરી શકે છે. જેના કારણે ઘર-કાર લોન સસ્તી થવાની સંભાવના છે.

# સરકારી ૪૨ બ્લોક તોડાયા : પોણા કરોડની આવક

### સે-૧૬, ૧૭, ૭ અને ૧૩માં છેલ્લા બે વર્ષ દરમિયાન ભયજનક મકાનો તબક્કાવાર જમીનદોસ્ત કરાયા

ગાંધીનગર, તા. ૨૭

શહેરમાં છેલ્લા બે વર્ષ દરમિયાન કંગાળ ભાસતા ૪૨ જેટલા સરકારી આવાસોના બ્લોક તોડી પાડવામાં આવ્યા છે. વિવિધ સેકટરોમાં આ આવાસો જમીનદોસ્ત કરવાની કામગીરી અન્વયે તંત્રને ૭૫ લાખની આવક થઈ છે.

શહેરમાં દાયકાઓથી સ્થિત સરકારી આવાસો હાલ કંગાળ હાલતમાં ભાસી રહ્યા છે. જાળવણીના અભાવે સમય જતા મોટા ભાગના સરકારી આવાસો પડવાના વાંકે ઉભા હોય તેવી સ્થિતિ છે. શહેરના સેકટરોમાં વિવિધ કેટેગરીના ૧૬ હજાર જેટલા આવાસો છે જયારે આ પૈકી મોટાભાગના ભયજનક હાલતમાં હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. આવાસ મજબૂતીકરણ અન્વયે અત્યાર સુધી માંડ ૪૦ ટકા જ કામગીરી થઈ શકી છે. બીજી તરફ સરકારી આવાસોમાંથી મોટા મસ પોપડા ખરવાની સાથે ગાબડા પડતા હોવાના કિસ્સા પણ વારંવાર પ્રકાશમાં આવે છે. આવા સંજોગોમાં નિકાલ હેઠળના મકાનો પણ હજી ભયજનક અસ્તિત્વ ધરાવતા હોવાથી તંત્ર માટે નવો શિરદર્દ ઉભો થયો છે. નિકાલ હેઠળના ૧૯૦૪ મકાનો પૈકી તબક્કાવાર કેટલાક બ્લોક તોડી પાડવામાં આવ્યા છે. જૂના ભયજનક આવાસો તોડી તેના ઠેકાણે વિભાગ દ્વારા તોતિંગ ટાવર ઉભા કરવાનું આયોજન પણ વિચારણા હેઠળ છે. તંત્ર દ્વારા થોડા સમય અગાઉ પણ સે-૭ અને સે-૧૩માં ભયજનક આવાસો તોડી પાડવામાં આવ્યા હતા જયારે આ સેકટરોમાં જ-૧ કક્ષાના અન્ય મકાનો જમીનદોસ્ત કરવા પણ આયોજન કરી દેવાયું છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર છેલ્લા બે વર્ષમાં તંત્ર દ્વારા શહેરમાં ૪૨ જેટલા સરકારી બ્લોક તોડવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. જેમાં સે-૬, ૭, ૧૬, ૧૭, ૧૩ અને સે-૩૦માં વિવિધ કક્ષાના ભયજનક આવાસોનો નિકાલ કરવામાં આવ્યો છે. જયારે આવાસો તોડવાની આ કામગીરીના અંતે માર્ગ મકાન વિભાગને રૂ. ૭૫ લાખની આવક થઈ હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

# ગાંધીનગરનો જય સુથાર 'સ્ટોક માઈન્ડ' સ્પર્ધાનો માસ્ટર માઈન્ડ

### દેશભરની નામાંકિત ૫૫૦ કોલેજોના ૭૮૦૦૦ સ્પર્ધકોમાં જય સુથારે દ્વિતિય સ્થાન મેળવી શહેરનું ગૌરવ વધાર્યુ : ટ્રોફી અને રૂપિયા ૨૫૦૦૦નો પુરસ્કાર મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરની પ્રતિષ્ઠિત કડી સર્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ બીબીએ કોલેજનો વિદ્યાર્થી જય પરેશભાઈ સુથાર આઈસીઆઈસીઆઈ ડાયરેક્ટર દ્વારા રાષ્ટ્રીયસ્તરે આયોજિત 'સ્ટોક માઈન્ડ' સ્પર્ધામાં દ્વિતિય ક્રમે વિજેતા બનેલ છે. દેશની ૫૫૦ જેટલી કોલેજોના ૭૮૦૦૦ વિદ્યાર્થીઓને પાછળ રાખીને જય સુથારે આ સફળતા મેળવી બીબીએ કોલેજનું અને ગાંધીનગર શહેરનું ગૌરવ વધારેલ છે. જય કલોલના મધ્યમવર્ગીય પરિવારમાં જન્મેલ હોંશિયાર વિદ્યાર્થી છે.



ભોળાભાઈ પટેલ બીબીએ કોલેજમાં વિદ્યાર્થીઓને મેનેજમેન્ટ અને ફાઈનાન્સ ક્ષેત્રે તલસ્પર્શી અભ્યાસ આપવામાં આવે છે. જય સુથારે તેમની આ સિદ્ધિનો યશ પોતાના અધ્યાપકો દ્વારા આપવામાં આવેલ સચોટ તાલીમ અને સંસ્થાની અત્યાધુનિક સુવિધાજનક કેળવણીને આપ્યો હતો. તેમણે બીબીએમાં સફળ થયા બાદ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બની કેપિટલ માર્કેટ ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડવાની અભિલાષા વ્યક્ત કરી હતી.

આઈસીઆઈસી ડાયરેક્ટર દ્વારા આયોજિત 'સ્ટોક માઈન્ડ' સ્પર્ધામાં દેશભરની લગભગ ૫૫૦ જેટલી નામાંકિત કોલેજોમાં જેમાં મુખ્યત્વે મેનેજમેન્ટની કોલેજોના આશરે ૭૮૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓમાં રહેલ મેનેજમેન્ટ અને ફાઈનાન્સ ક્ષેત્ર પ્રત્યેના તલસ્પર્શી અભ્યાસ અને રૂચિને જય સુથારની સફળતાથી જણાઈ આવી હતી. આઈસીઆઈસીઆઈ ડાયરેક્ટર દ્વારા જય સુથારને ટ્રોફી અને સન્માનપત્ર સાથે રૂપિયા

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

ફૂટપાથ બન્યું રેનબસેરા : ઘ-૫થી સેક્ટર-૨૩ની ફૂટપાથની દશા બિહામણી બનતી જાય છે... ફૂટપાથનો મુળભૂત હેતુ રાહદારીઓને ચાલવા માટેનો હતો. સરળતાથી સમયસર ચાલી શકે અને સાથોસાથ ડસ્ટ-ફ્રી એન્વાર્યનમેન્ટ બને એના માટે કરોડો રૂપિયાના ખર્ચે ગાંધીનગરમાં ફૂટપાથ બની... ખૂબ જ સરસ બની... અને સૌને મજા આવવા લાગી... પરંતુ ઘ-૫ વિસ્તારમાં ઝુંપડપટ્ટીવાળાઓએ ફૂટપાથની દશા અને દિશા ફેરવી નાખી છે... ઢોર-ઢાખરને બાંધવાનું શરૂ કરી ફૂટપાથ પર રસોડું શરૂ કરી પ્લાસ્ટીક બાંધી હંગામી બસેરા ઉભા કર્યા... ગંદકીનું સામ્રાજ્ય ઉભું કર્યુ... આમ ફૂટપાથની હાલત બગાડી નાખી... આટલું ખરાબ દૃશ્ય હોવા છતાં આને રોકશે કોણ એની સમસ્યા ઘેરી બનતી જાય છે.... મનપા, માર્ગ-મકાન કે કલેક્ટરની દબાણ શાખા...?




મતદાર જાગૃતિ માટે ચૂંટણી પંચે પણ કમર કસી છે... પ્રદર્શન, સેમિનાર અને જાહેરાતો દ્વારા મતદાર જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે... પહેલી વખત મતદારો પણ મોટી સંખ્યામાં મતદાર યાદીની ચકાસણી માટે લાઈનમાં ઉભા રહીને પણ મતદાર સહાયતા કેન્દ્ર પર પહોંચ્યા છે...

# ગુજરાતમાં કોંગ્રેસ મતબૂત ઉમેદવારો ઉતારવા વિચારે છે

### વિધાનસભાની અબડાસા બેઠક પર શક્તિસિંહને ચૂંટણી લડાવાય તેવી શક્યતા : ભરૂચ લોકસભા બેઠક માટે અહેમદ પટેલના નામની વિચારણા

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતમાં વિધાનસભાની પેટા ચૂંટણીમાં અને લોકસભાની બે બેઠકો પર કોંગ્રેસ હવે કેટલાક નેતાઓને મેદાનમાં ઉતારવાની વિચારણા કરી રહ્યું હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં વિધાનસભાની ખાલી પડેલી સાત બેઠકોની પેટા ચૂંટણીઓ લોકસભા ચૂંટણી સાથે યોજાનારી છે. કોંગ્રેસે લોકસભાની ત્રણ બેઠકોને બાદ કરતાં તમામ બેઠકો માટે ઉમેદવારોના નામો જાહેર કરી દીધા છે જો કે ભરૂચ, નવસારી અને સુરત લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા નથી. આ ઉપરાંત વિધાનસભાની સાત બેઠકોના ઉમેદવારોના નામો પણ જાહેર કરવામાં આવ્યા નથી.

કોંગ્રેસે હવે ગુજરાતમાં કેટલાક નેતાઓને ચૂંટણી મેદાનમાં ઉતારવા માટેની સક્રિય વિચારણા હાથ ધરી છે. ભરૂચ લોકસભા બેઠક પરથી કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અને કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધીના રાજકીય સલાહકાર એહમદ પટેલને તેમના માદરે વતન ભરૂચ બેઠકથી ચૂંટણી લડાવવા માટેની વિચારણા મોવડીમંડળ દ્વારા હાથ ધરવામાં આવી છે.

અહેમદ પટેલ હાલમાં રાજ્ય



સભાના સંસદ સભ્ય છે. જો મોવડીમંડળ તેમને આદેશ આપશે તો આ વખતે ભરૂચ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડાવવામાં આવશે.

આ ઉપરાંત પૂર્વ વિપક્ષના નેતા અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહીલને કચ્છ જિલ્લાની અબડાસા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડાવવા માટેની સક્રિય વિચારણા કરી રહ્યું છે અને એક બે દિવસમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલના વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને સીનીયર ધારાસભ્ય જશુભાઈ બારડ લોકસભા ચૂંટણી લડી રહ્યા છે. જો આ બન્ને ધારાસભ્યો ચૂંટાઈને સંસદમાં જાય તો ધારાસભ્ય પદેથી રાજીનામુ આપવુ પડે. અને વિધાનસભામાં વિપક્ષ કોંગ્રેસમાં કોઈ સક્ષમ સિનીયર અનુભવી ધારાસભ્ય ન હોઈ વિપક્ષ નબળો ન પડે તે માટે શક્તિસિંહ ગોહીલની વિધાનસભાની પેટા ચૂંટણી લડાવવાનો વિચારણા કોંગ્રેસ મોવડીમંડળે હાથ ધરી છે. કારણ કે શક્તિસિંહ ગોહીલ સંસદીય બાબતોના સારા જાણકાર અને સિનીયર આગેવાન છે. શક્તિસિંહ ઉપરાંત અર્જુન મોઢવાડીયાને પણ કોઈ એક બેઠક પરથી ચૂંટણી લડાવવાની વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળે છે.

# અમદાવાદ પૂર્વ બેઠક માટે ઠાકોર સમાજ દ્વારા ભાજપ કાર્યાલય સામે દેખાવો

### ઠાકોર સમાજને ટીકીટ આપવા માટે માંગણી સાથે પ્રદેશ નેતાગીરી સમક્ષ રજુઆત

ગાંધીનગર, તા. ૨૭

ભાજપ કાર્યાલય સામે આજે ઠાકોર સમાજના લોકોએ વિરોધ પ્રદર્શિત કરીને અમદાવાદ પૂર્વ બેઠક પરના ઉમેદવાર સામે વિરોધ વ્યક્ત કરીને ઠાકોર સમાજને ટીકીટ આપવા માંગણી કરી હતી.

ભાજપે અમદાવાદ પૂર્વ બેઠક પર ફિલ્મ અભિનેતા પરેશ રાવલને ઉમેદવાર તરીકે પસંદ કરતાં વિરોધ ઉઠવા પામ્યો છે. હરિન પાઠકના વિરોધ બાદ હવે ઠાકોર સમાજે પણ પરેશ રાવલ સામે વિરોધ વ્યક્ત કર્યો છે. આજે અમદાવાદ પૂર્વ બેઠકના ઠાકોર સમાજના આગેવાનો અને લોકો એક રેલી સ્વરૂપે ભાજપ કાર્યાલય ખાતે આવ્યા હતા અને વિરોધ પ્રદર્શિત કરીને ઠાકોર સમાજને ટીકીટ આપવા માટે માંગણી સાથે પ્રદેશ નેતાગીરી સમક્ષ રજુઆત કરી હતી.

ઠાકોર સમાજના આગેવાને જણાવ્યું હતું કે અમે અપક્ષ ઉમેદવારી નોંધાવીશુ.



ગાંધીનગર દક્ષિણ, દહેગામને આવરી લેતી અમદાવાદ પૂર્વની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે હિમ્મતસિંહની નિમણુંકને આવકારવા યોજાયેલી રેલીની તસવીરમાં કાર્યકરોનો ઉત્સાહ પ્રતિબિંબિત થાય છે.

# છેલ્લી ત્રણ લોકસભાની ચૂંટણીમાં ૪૦ પૈકી ૩૪ ઉમેદવારોની ડીપોઝીટ ડુલ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં યોજાયેલ ૧૩મી, ૧૪મી અને ૧૫મી લોકસભાની ચૂંટણીમાં ઝંપલાવનાર કુલ ૪૦ પૈકી ૩૪ ઉમેદવારોની ડીપોઝીટ પણ ડુલ થઈ છે. વર્ષ ૧૯૯૯માં ૮, ૨૦૦૪માં ૧૩ અને વર્ષ ૨૦૦૯માં ૧૯ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. આ ત્રણેય લોકસભાની ચૂંટણી દરમિયાન ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાંથી કુલ ૪૦ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા. જ્યારે આ પૈકી ૩૪ ઉમેદવારોની ડીપોઝીટ પણ જપ્ત થઈ હતી. જ્યારે આ ત્રણેય ચૂંટણી જંગ પૈકી ૧૫મી લોકસભાની ચૂંટણીમાં સૌથી વધુ ૫૦.૮૩ ટકા મતદાન થયું હતું. જ્યારે સૌથી વધુ ત્રણ મહીલા ઉમેદવારોએ ૧૫મી લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે આ ત્રણેય મહીલા ઉમેદવારોની પણ ડીપોઝીટ જપ્ત થઈ હતી. ૧૩મી લોકસભા ચૂંટણીમાં ૮ ઉમેદવારો પૈકી ૬, ૧૪મી લોકસભા સામાન્ય ચૂંટણીમાં ૧૩ પૈકી ૧૧ ઉમેદવારોએ ડીપોઝીટ ગુમાવી હતી જ્યારે ૧૫મી લોકસભા સામાન્ય ચૂંટણીમાં ૧૯ પૈકી ૧૭ ઉમેદવારોની ડીપોઝીટ જપ્ત થઈ હતી.

# જેઈઈ માટે ડોક્યુમેન્ટ કોપી સાથે રાખવા સૂચના : પરીક્ષા છઠ્ઠીએ યોજાશે

### દેશની ટોચની આઈઆઈટી, એન્જીનીયરીંગ કોલેજોમાં પ્રવેશ માટે ફરજીયાત

અમદાવાદ, તા. ૨૭

દેશની ટોચની આઈઆઈટી, એન્જી. કોલેજમાં પ્રવેશ મેળવવા માટે લેવામાં આવતી જેઈઈની પરીક્ષાને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે સેન્ટ્રલ બોર્ડ ફોર સેકેન્ડરી એજ્યુકેશન દ્વારા જેઈઈની પરીક્ષા આપી રહેલ ઉમેદવારો જે પરીક્ષા માટે જરૂરી ક્વોલીફીકેશનના ડોક્યુમેન્ટસ સાથે લઈને આપવવાનું ફરમાન જાહેર કર્યું છે. આ ડોક્યુમેન્ટસ વિદ્યાર્થીઓએ પરીક્ષા સેન્ટર પર સબમીટ કરાવવાના રહેશે. દેશની ટોચની આઈઆઈટી અને એન્જીનીયરીંગ કોલેજોમાં પ્રવેશ માટે ફરજીયાત જેઈઈની પરીક્ષા આગામી ૬ એપ્રિલે દેશના ૧૫૦ શહેરોમાં લેવામાં આવનાર છે ત્યારે સેન્ટ્રલ બોર્ડ ફોર સેકેન્ડરી એજ્યુકેશને આ વિદ્યાર્થીઓને ઝટકો આપતા જેઈઈની પરીક્ષા સમયે ઉમેદવારોને પરીક્ષાના ક્વોલીફાયડ ડોક્યુમેન્ટ તરીકે ધોરણ-૧૨ના ડોક્યુમેન્ટની કોપી લાવવાનું ફરમાન જાહેર કર્યું છે. સીબીએસઈ ક્લવોલીફાઈંગ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે ત્રણ ક્રાઈટેરીયા નક્કી કર્યા છે. આ ક્રાઈટેરીયા સીબીએસઈએ પોતાની વેબસાઈટ ઉપર પણ મુક્યા છે. જેને

● અનુસંધાન પાન-૭ પર


